GJGS020020272024

सत्यमेव जयते

દાખલ તારીખઃ–૧૫/૦૬/૨૦૨૪
રજીસ્ટર તારીખઃ–૧૫/૦૬/૨૦૨૪
ફેસલ તારીખઃ–૨૭/૦૩/૨૦૨૬
સમયગાળોઃ–**વર્ષ, માસ, દિવસ**
**૦૧–૦૯–૧૨**

---

**એડીશ્નલ સીનીયર સીવીલ જજ અદાલત, જી.ગીર સોમનાથ, મુ. વેરાવળ**

---

**દિ.પ.અ.નં.૧૩/૨૦૨૪**
**આંક–34**

ભરતદાસજી ગુરૂશ્રી રામસ્વરૂપદાસજી,
ઉ.વ.આ.૬૧, ધંધો–મંદિરમાં પુજાપાઠ,
રહે. બાલા હનુમાન મંદિર, પાટણ દરવાજા પાસે,
વેરાવળ, જી.ગીર સોમનાથ.

**.....અરજદાર**

**–:: વિરૂધ્ધ ::–**

––––––– **.....સામાવાળા**

બાબત :– ઈન્ડીયન સકસેશન એકટની કલમ–૧૯૨૫ ની કલમ ૨૭૬, ૩૭૨ મુજબ ગુજરનાર શ્રી મહંત બાલકદાસજી ગુરૂશ્રી મોહનદાસજીના વીલનું પ્રોબેટ મળવા અંગેની અરજી....

---

અરજદાર તરફે : વિ.વકીલશ્રી વી.સી.માવધીયા.
સામાવાળા તરફે : કોઈ નહી.

---

**–:: ચુકાદો ::–**

(૧) અરજદારની અરજીની સંક્ષિપ્ત હકીકત એવી છે કે, ગુજરનાર શ્રી મહંત બાલકદાસજી ગુરૂશ્રીમોહનદાસજી, અરજદાર શ્રી ભરતદાસજી ગુરૂશ્રી

રામસ્વરૂપદાસજીને ઓળખે છે. અને વેરાવળમાં બાલા હનુમાન મંદિરમાં, પાટણ દરવાજા પાસે વેરાવળ, જી. ગીર સોમનાથ મુકામે રહે છે. ગુજરનાર શ્રી બાલકદાસજી ગુરૂશ્રી મોહનદાસજીની ઉંમર આશરે ૮૬ વર્ષની તેઓ બિમાર રહેતાં હતાં અને તેમનુ મૃત્યુ તા.૧૦/૦૯/૧૯૯૮ ના અવસાન પામેલ છે. અને ગુજરનાર શ્રી મહંત બાલકદાસજી ગુરૂશ્રીમોહનદાસજી નાએ તારીખ ૨૩/૦૬/૧૯૯૫ ના રોજ મણીલાલ વેલજીભાઈ પરમાર રહે. પ્રભાસ–પાટણ રામમંદિર પાસેને તથા સલીમ જમાલ પટણી રહે. પ્રભાસ–પાટણ, મલેકવાડા વાળાને તા.૨૩/૦૬/૧૯૯૫ ના રોજ તેમનાં ઘરે બોલાવેલ અને તેઓને જણાવેલ કે મારી ઉમર ૮૨ વર્ષની છે. અને મૃત્યુ થાય તે નિશ્ચિત નથી. જેથી મારી હયાતી બાદ મારી સ્થાવર જંગમ મિલ્કત અંગે કોઈ તકરાર કે અનિયમિતતા ન થાય જેથી નીચેની વિગતે મારી ગેરહાજરીમાં મારી સ્થાવર જંગમ મિલ્કતની વ્યવસ્થા કરવાની છે, તે સંબંધે આ વિલ યાને વસીયતનામું વેરાવળ શહેરના બાલા હનુમાન મંદિરના પુજારી મહંત શ્રી ભરતદાસ ગુરૂ રામ સ્વરૂપદાસ જે તેમનાં શિષ્યો પૈકીના એક શિષ્ય છે. તેઓની ઉપર મને કુદરતી પ્રેમ વાત્સ્યય અને અખુટ વિશ્વાસ છે જેથી મારા મૃત્યુ બાદ મારી તમામ સ્થાવર જંગમ મિલ્કતના સ્વતંત્ર અને સુવાંગ કબજેદાર અને માલીક બને તેવું ઠરાવી આપી મહંત શ્રી ભરતદાસ ગુરૂ રામ સ્વરૂપદાસ છે તેનાં નામે હું મારી મિલ્કત મારા મરણ પછી વીલ કરી આપવા માંગું છું જેથી ગુજરનાર શ્રી મહંત બાલકદાસજી ગુરૂશ્રીમોહનદાસજી તથા મણીલાલ વેલજીભાઈ પરમાર રહે. પ્રભાસ–પાટણ રામ મંદિર પાસેને તથા સલીમ જમાલ પટણી રહે. પ્રભાસ–પાટણ, મલેકવાડા વાળાને તા.૨૩/૦૬/૧૯૯૫ ના રોજ વેરાવળ સબ રજીસ્ટ્રાર કચેરીમાં વિક્રમ સંવત ૨૦૫૧ ના જેઠ વદી ૧૧ ને શુક્રવાર, તા.૨૩/૦૬/૧૯૯૫ ના રોજ મળેલા અને તેમાં સબ રજીસ્ટ્રારશ્રી વેરાવળની રૂબરૂમાં ગુજરનાર શ્રી મહંત બાલકદાસજી ગુરૂશ્રીમોહનદાસજી તથા મણીલાલ વેલજીભાઈ પરમાર રહે. પ્રભાસ–પાટણ રામમંદિર પાસેને તથા સલીમ જમાલ પટણી રહે. પ્રભાસ–પાટણ, મલેકવાડા વાળાએ તા.૨૩/૦૬/૧૯૯૫ નાં રોજ સહી કરેલ હતી. અને તે વીલ ઉપર રૂ.૫૦/–નો સ્ટેમ્પ પેપર જેના રજી. નંબર ૧૦૧૧/૨ તુષાર સી. કાનાબાર સ્ટેમ્પ વેન્ડર પાસેથી ખરીદેલ અને જે વેરાવળ સબ રજીસ્ટ્રાર સાહેબ ની કચેરીમાં રજી.અનુક્રમ નંબર ૨૨૭૩/તા.૨૩/૦૬/૧૯૯૫ ના રોજ નોંધણી થયેલ છે. આ વીલ ગુજરનાર શ્રી મહંત બાલકદાસજી ગુરૂશ્રીમોહનદાસજી તેની

રાજીખુશીથી અને સ્વેચ્છાએ કોઈનાં કોઈપણ જાતનાં દબાણ વગર કરેલ છે. અને ત્યારબાદ ગુજરનાર શ્રી મહંત બાલકદાસજી ગુરૂશ્રીમોહનદાસજીનું વેરાવળ મુકામે તા.૧૦/૦૯/૧૯૯૮ નાં રોજ અવસાન થયેલ હતું. જે અસલ વીલમાં જે સહી છે તેમાં ગુજરનાર શ્રી મહંત બાલકદાસજી ગુરૂશ્રીમોહનદાસજી તથા મણીલાલ વેલજીભાઈ પરમાર રહે. પ્રભાસ–પાટણ રામમંદિર પાસેને તથા સલીમ જમાલ પટણી રહે. પ્રભાસ–પાટણ, મલેકવાડા ની સહી છે. જે સબ રજીસ્ટ્રાર શ્રી વેરાવળ સમક્ષ કરવામાં આવેલ છે. જે અસલ વીલ સને ૨૦૦૭ માં સમગ્ર વેરાવળ પંથકમાં ભારેથી અતિભારે વરસાદ પડવાના કારણે ખુબ જ ભારે પુર આવવાના કારણે નાશ પામેલ હોય અને ત્યારબાદ અરજદાર દ્વારા તેઓના મંદિરમાં પડેલ જૂના દસ્તાવેજોની ફાઈલ ઉતારી જોતા તેમાં આ અસલ વીલની ઝેરોક્ષ નકલ તા.૨૦/૦૫/૨૦૨૪ ના અરસામાં જોવા મળેલ હોય અને જેથી તે અંગેની ખરાઈ વેરાવળ સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં કરતા ગુજરનાર શ્રી મહંત બાલકદાસજી ગુરૂશ્રીમોહનદાસજી તથા મણીલાલ વેલજીભાઈ પરમાર રહે. પ્રભાસ–પાટણ રામમંદિર પાસે તથા સલીમ જમાલ પટણી રહે. પ્રભાસ–પાટણ, મલેકવાડા ની હાજરીમાં અરજદારની તરફેણમાં વીલ યાને વસીયતનામું કરેલ હોય જેથી જાણ થયેલ છે. અને જેથી આ અરજી કરવાની ફરજ પડેલ છે અને આ અરજીનું કારણ ઉત્પન્ન થયેલ છે.

**<u>સબબ આ અરજી લાવી અરજ કરવાની કે</u>,**

(અ) અરજદારની અરજી પારા–૪ માં જણાવેલ

સ્થાવર મિલ્કતઃ– જુનાગઢ (નવા ગીર સોમનાથ) જીલ્લાના વેરાવળ તાલુકાના પ્રભાસપાટણ ગામની સીમમાં ગીતા મંદિરથી આગળના ભાગે આવેલ નરસીંગ મંદિર તથા સદરહું મંદિરના નામે આવેલ ખેતીની જમીન જેના ખેડખાતા નં.૧૦૯૫ જેના રેવન્યુ સરવે નંબર ૭૮/૧, હે.આરે.ચોમી. ૫–૮૦–૭૬, આકાર ૨૦–૩૧ તથા રેવન્યુ સરવે ૭૮/૨, હે.આરે.ચોમી.૧–૧૨–૩૦, આકાર ૧–૯૪ વાળી કુલ હે.આરે. ચોમી. ૬–૯૩–૦૬ કુલ આકાર ૨૨–૬૫ વાળી જમીન કુલ ૪૦ વીઘા ખેતીની જમીન આવેલ છે. તેમજ નરસિંહ મંદિરની પુજા તથા નરસિંહ મંદિરની તમામ જંગમ મિલ્કત જેવી ઠામ, વાસણ, પુજા સાધનો તેમજ ઠાકોરજીના આભુષણો વિગેરે મિલ્કત આવેલ છે. જે ગુજરનાર શ્રી મહંત બાલકદાસજી ગુરૂશ્રીમોહનદાસજી એ અરજદાર મહંતશ્રી ભરતદાસજી ગુરૂ રામસ્વરૂપદાસજીનાં નામનું વીલ કરેલ હોય તેનાં આધારે મિલ્કતનું વીલનાં

આધારે પ્રોબેટ કાઢી આપવાનો હુકમ કરવા નમ્ર અરજ છે.

(બ) આ અરજીને અનુલક્ષીને આપ નામદાર કોર્ટને યોગ્ય લાગે તે તમામ પ્રકારની દાદ મળવા નમ્ર અરજ છે.

(૨) આ કામના અરજદાર તરફે તેમની અરજીના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ છે.

**–:: મૌખિક પુરાવો ::–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | અરજદાર ભરતદાસજી ગુરૂશ્રી રામસ્વરૂપદાસજીનું સરતપાસનું સોગંદનામું | ૦૭ |
| ૨. | સાહેદ જીતેન્દ્ર કાનાભાઈ વાળાનું સરતપાસનું સોગંદનામું | ૨૫ |
| ૩. | દેવાભાઈ કાળાભાઈ શામળાનું સરતપાસનું સોગંદનામું | ૨૭ |

**–:: દસ્તાવેજી પુરાવો ::–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | અરજદારનું આધારકાર્ડ ખરી નકલ. | ૧૨ |
| ૨. | બાલકદાસ મોહનદાસ દ્વારા અરજદારની તરફેણમાં કરી આપેલ વીલ રજી. અનુ.નં.૨૨૭૩/તા.૨૩/૦૬/૧૯૯૫ ખરી નકલ. | ૧૩ |
| ૩. | બાલકદાસ મોહનદાસનું મરણનું સર્ટી. | ૧૪ |
| ૪. | પ્રભાસપાટણના ખાતા નંબર ૩૫૩૧, સરવે નં.૭૮/૧ તથા ૭૮/૨ ની ગામ નમુનો નં.૮–અ ની ઈ ધરા નકલ. | ૧૫ |
| ૫. | પ્રભાસપાટણના ખાતા નંબર ૩૫૩૧, સરવે નં.૭૮/૧ ની ગામ નમુનો નં.૭ અને ૧૨ ની ઈ ધરા નકલ. | ૧૬ |
| ૬. | પ્રભાસપાટણના ખાતા નંબર ૩૫૩૧, સરવે નં.૭૮/૨ ની ગામ નમુનો નં.૭ અને ૧૨ ની ઈ ધરા નકલ. | ૧૭ |
| ૭. | પ્રભાસપાટણના ખાતા નંબર ૩૫૩૧, સરવે નં.૭૮/૧ તથા ૭૮/૨ ની ગામ નમુનો નં.૬ ની ઉતરો ઉતર ઈ ધરા નકલ. | ૧૮ |
| ૮. | ખખ્ખર એડવર્ટાઈઝીંગનું બિલ અસલ. | માર્ક ૫/૧ |
| ૯. | કુલછાબ દૈનિકની તા.૭/૮/૨૪ રોજની પ્રત અસલ. | ૫/૨ |
| ૧૦. | સંદેશ દૈનિક વર્તમાનપત્ર તા.૨૧/૦૯/૨૪ ના રોજના પાના | ૧૯ |

| | | |
|---|---|---|
| | નં.૧૨ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવેલ જાહેર નોટીસ કોપી. | |
| ૧૧. | ખખ્ખર ન્યુઝ એજન્સીનું બીલ નં.૪૪૫ નું બીલ અસલ. | ૨૦ |
| ૧૨. | તા.૨૩/૦૬/૧૯૯૫ નાં રોજની નોંધણી નં.૨૨૭૩થી નોંધાયેલ વીલની ખરી નકલ. | માર્ક ૨૬/૧ |

**(૩)** ત્યારબાદ અરજદાર તરફે આંક–૨૮ થી કલોજીંગ પુરસીસ રજૂ કરી પોતાનો પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે.

**<u>અરજદાર તરફે લેખિત દલીલ સંક્ષિપ્તમાં</u>**

**(૪)** આ કામે અરજદાર તરફે તેમના વિ.વ.શ્રીએ લેખિત દલીલ આંક–૩૩ થી રજૂ કરેલ છે જે વંચાણે લેતા તેની સંક્ષિપ્ત હકીકત એવી છે કે, વીલ નોંધાયેલ છે. સાક્ષીનો તથા દસ્તાવેજી પુરાવો રજુ છે. કોઈની તકરાર નથી. અને માત્ર પ્રોબેટ લેવાનું છે, માલીકી નહી તેથી અરજી મંજુર કરવા વિનંતી કરી છે.

**(૫)** આ કામે ન્યાયિક નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપિસ્થત થાય છે.

**<u>–:: મુદ્દાઓ ::–</u>**

(૧) શું અરજદાર અરજીમાં માગ્યા મુજબનું વીલનું પ્રોબેટ સર્ટીફીકેટ મેળવવા હકકદાર છે?

(૨) શું હુકમ?

**(૬)** ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયોના જવાબ નીચે મુજબ છે.

(૧)'' હકારમાં '',
(૨)આખરી હુકમ મુજબ.

**<u>–:: કારણો ::–</u>**

**<u>મુદ્દા નં. ૧ ની ચર્ચા :–</u>**

**(૭)** આ કામે અરજદારે વીલનું પ્રોબેટ મેળવવા અગાઉ આ બાબતે જાહેર નોટીસ દૈનિક વર્તમાન કુલછાબ આવૃતિમાં તા.૦૭/૦૮/૨૦૨૪ ના રોજ અરજદારને માંગ્યા મુજબનું ઈન્ડીયન સકસેશન એકટની કલમ–૧૯૨૫ ની કાયદાકીય પ્રબંધો મુજબનું વીલનું પ્રોબેટ

મેળવવા સામે લાગતી વળગતી કોઈપણ વ્યકિતને વાંધો યા તકરાર હોય તો જાતે અથવા વકીલ મુખત્યાર તા.૦૬/૦૯/૨૦૨૪ ના રોજ સવારના ૧૦.૩૦ કલાક સુધીમાં વાંધા રજૂ કરવા નોટીસ પ્રસિધ્ધ કરેલ છે જે નોટીસનો અનુસંધાનમાં આજદીન સુધી કોઈ વ્યકિત હાજર થયેલ નથી કે કોઈ વાંધા રજૂ થયેલ નથી. આમ અરજદારની અરજી બિનતકરારી રહેલ છે.

(૮) અરજદાર–ભરતદાસજી ગુરૂશ્રી રામસ્વરૂપદાસજીએ આંક–૦૭ થી સરતપાસ નું સોગંદનામું રજૂ કરેલ છે તેમાં પોતાની અરજી મુજબની જ હકીકત જણાવી પોતાની અરજીની હકીકતને સમર્થન કરેલ છે અને આંક–૧૩ થી ૨૦, માર્ક ૨૬/૧ સુધીના દસ્તાવેજી પુરાવા તથા માર્ક ૫/૧ થી ખખ્ખર એડવર્ટાઈઝીંગનું બિલ અસલ, માર્ક ૫/૨ થી ફુલછાબ દૈનિકની તા.૭/૮/૨૪ રોજની પ્રત અસલ રીફર કરેલ હોય સદર દસ્તાવેજી પુરાવાઓને પણ સમર્થન મળે છે. આમ, રજૂ થયેલ પુરાવા પરથી અરજદારના ગુરૂ બાલકદાસજી તા.૧૦/૦૯/૧૯૯૮ ના રોજ અવસાન થયેલ છે અને હાલના અરજદાર ને વીલ કરી આપેલ હોવાનું જણાય આવે છે.

(૯) આમ, આ કામમાં રજૂ થયેલ અરજદારનો સોગંદ પરનો પુરાવો, આંક–૨૫ થી સાહેદ જીતેન્દ્રભાઈ કાનાભાઈ વાળાનો પુરાવો, આંક–૨૭ થી સાહેદ દેવાભાઈ કાળાભાઈ શામળાનો પુરાવાઓ તથા તમામ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાનમાં લેતા ગુજરનાર મહંતશ્રી બાલકદાસજી ગુરૂશ્રીમોહનદાસજી ના નામે અરજીમાં જણાવેલ સ્થાવર મિલ્કતઃ– જુનાગઢ (નવા ગીર સોમનાથ) જીલ્લાના વેરાવળ તાલુકાના પ્રભાસપાટણ ગામની સીમમાં ગીતા મંદિરથી આગળના ભાગે આવેલ નરસીંગ મંદિર તથા સદરહું મંદિરના નામે આવેલ ખેતીની જમીન જેના ખેડખાતા નં.૧૦૯૫ જેના રેવન્યુ સરવે નંબર ૭૮/૧, હે.આરે.ચોમી. ૫–૮૦–૭૬, આકાર ૨૦–૩૧ તથા રેવન્યુ સરવે ૭૮/૨, હે.આરે.ચોમી.૧–૧૨–૩૦, આકાર ૧–૯૪ વાળી કુલ હે.આરે. ચોમી. ૬–૯૩–૦૬ કુલ આકાર ૨૨–૬૫ વાળી જમીન કુલ ૪૦ વીઘા ખેતીની જમીન આવેલ છે. તેમજ નરસિંહ મંદિરની પુજા તથા નરસિંહ મંદિરની તમામ જંગમ મિલ્કત જેવી ઠામ, વાસણ, પુજા સાધનો તેમજ ઠાકોરજીના આભુષણો વિગેરે મિલ્કત આવેલ હોય તેનું વીલથી ઠરાવેલ હોય તે વીલનું પ્રોબેટ મેળવવા અરજદાર હકકદાર હોવાનું નહીં માનવાને કોઈ કારણ નથી અને અરજદાર સિવાય કોઈ વ્યકિતએ વીલનું પ્રોબેટ મેળવવા કલેઈમ કરેલ નથી જેથી **મુદ્દા નં. ૧** નો જવાબ **"હકારમાં "** આપી **મુદ્દા નં. ૨** અન્વયે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–:: આખરી હુકમ ::–</u>**

૧. આથી અરજદારની અરજી **અંશત: મંજૂર** કરવામાં આવે છે.

૨. આ કામે અરજદાર મહંતશ્રી બાલકદાસજી ગુરૂશ્રીમોહનદાસદીના શિષ્ય હોય **<u>શ્રી મહંત બાલકદાસજી ગુરૂશ્રી મોહનદાસજીના વીલનું માત્ર પ્રોબેટ</u>** આપવાનો હુકમ કરવામાં છે.

૩. વધુમાં, એવી સ્પષ્ટતા કરવામાં આવે છે કે, આ કેસવાળી મિલકતની માલિકી તથા હકકદાવા અંગે આ કોર્ટે કોઇ નિર્ણય કરેલ નથી.

૪. અરજીનો ખર્ચ અરજદારે જાતે ભોગવવો.

હુકમ આજ તારીખ ૨૭મી, માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, સહી કરીને જાહેર કર્યો.

તા.૨૭ / ૦૩ / ૨૦૨૬
વેરાવળ.

**(પ્રીતેશ ઉપેન્દ્રકુમાર અંધારિયા)**
એડીશ્નલ સીનીયર સીવીલ જજ, વેરાવળ.
ગીર સોમનાથ
યુઆઈડી નંબરઃ (GJ01119)

Nikhila, P.A. (Guj.Steno.)